અપીલ અરજી નં.૩૨૮ તા.૪–૨–૦૯

અરજદારઃ શ્રી હેમંત એન.દેસાઈ

સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકાર (સેન્ટ્રલઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈની તા.૨૮–૧૧–૦૮ ની અરજીથી તા.૨૫–૩–૦૮ ના રોજ સંબંધિત વિભાગમાં વિગતવાર અરજી કરવામાં આવેલ તેના અનુસંધાનમાં કેટલા બિન કાયદેસર લાયસન્સદાર નિકળ્યા તેમજ કેટલા લાયસન્સદાર નીકળ્યા તે તમામની ઘ.નં. સાથેની તેમજ નામ સાથેની માહિતી તથા બિન લાયસન્સદારને ત્યાં કયા કયા પ્રકારના કેમીકલ્સ કેટલા લીટરમાં નિકળ્યા તે કબજામાં લેવામાં આવ્યા છે કે કેમ? અને જો કબજામાં લેવામાં આવ્યા હોય તો તે કયાં રાખવામાં આવેલ તે અંગે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૨૮/૨૦૦૮–૦૯

શ્રી હેમંત એન.દેસાઈની તા.૨૮–૧૧–૦૮ ની અરજીથી તા.૨૫–૩–૦૮ ના રોજ સંબંધિત વિભાગમાં વિગતવાર અરજી કરવામાં આવેલ તેના અનુસંધાનમાં કેટલા બિન કાયદેસર લાયસન્સદાર નિકળ્યા તેમજ કેટલા લાયસન્સદાર નીકળ્યા તે તમામની ઘ.નં. સાથેની તેમજ નામ સાથેની માહિતી તથા બિન લાયસન્સદારને ત્યાં કયા કયા પ્રકારના કેમીકલ્સ કેટલા લીટરમાં નિકળ્યા તે કબજામાં લેવામાં આવ્યા છે કે કેમ? અને જો કબજામાં લેવામાં આવ્યા હોય તો તે કયાં રાખવામાં આવેલ તે અંગે માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૧૨૪૭ તા.૧૭–૧–૦૯થી આપેલ માહિતી ખોટી અને સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૦૯૯ તા.૧૩–૨–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકાર (સેન્ટ્રલઝોન)ને તથા અરજદારને અપીલનું વાજબીપણું જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ વિશેષ માહિતી મળેલ નથી જયારે અરજદાર તરફથી અપીલ અરજી અંગે વાજબીપણાના કારણોની માહિતી પૂરી પાડવામાં આવેલ. જેમાં આ કેમીકલ્સનો શા માટે કબ્જો લીધેલ નથી તેવો નવો મુદ્દો ઉપસ્થિત કરેલ છે જે મુળ અરજીથી અલાયદો છે.

અરજદારની તા.૨૮–૧૧–૦૮ ની અરજીમાં તા.૨૫–૩–૦૮ ના રોજ સંબંધિત વિભાગમાં વિગતવાર અરજી કરવામાં આવેલ તેના અનુસંધાનમાં કેટલા બિન કાયદેસર લાયસન્સદાર નિકળ્યા તેમજ કેટલા લાયસન્સદાર નીકળ્યા તે તમામની ઘ.નં. સાથેની તેમજ નામ સાથેની માહિતી તથા બિન લાયસન્સદારને ત્યાં કયા કયા પ્રકારના કેમીકલ્સ કેટલા લીટરમાં નિકળ્યા તે કબજામાં લેવામાં આવ્યા છે કે કેમ? અને જો કબજામાં લેવામાં આવ્યા હોય તો તે કયાં રાખવામાં આવેલ તે અંગે માહિતી આપવા જણાવેલ. જે અંગે અરજદાર તરફથી અપીલ અરજી સાથે સામેલ કરેલ જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીની નકલમાં જણાવ્યા મુજબ બિન લાયસન્સદારને ત્યાં કયા પ્રકારના કેમીકલ્સ કેટલા લીટરમાં નીકળ્યા તે બાબતની જાણકારી આપવામાં આવેલ છે તેમજ સ્થળ તપાસ કરનાર અધિકારીએ આ કેમીકલ્સ કબ્જામાં લેવામાં આવેલ નથી તેની પણ જાણકારી આપવામાં આવેલ છે. જયારે અરજદારને અપીલ અરજી અંગે વાજબીપણા અને નારાજગીના જવાબમાં કેલીકલ્સ કબ્જામાં શા માટે ન લીધા અને હાલ આ કબ્જામાં લીધેલ કેમીકલ્સ કયાં રાખવામાં આવેલ છે તે અંગે જાણકારી આપવામાં આવેલ ન હોવાનું જણાવેલ.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારે મુળ અરજીથી માંગેલ ત્રણેય મુદ્દાની પુરી દફતરી માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા પુરી પડાયેલ છે તેથી અપીલના તબકકે કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે."

મુળ અરજીથી અલાયદા મુદ્દા અંગે અરજદાર કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી લાગત જાહેર માહિતી અધિકારીને અલગ અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૦૯.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકાર (સેન્ટ્રલ ઝોન).... જાણ તથા અમલ માટે
(૩) શ્રી હેમંત એન. દેસાઈ,